# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-11-2025** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) રાજ્ય પોલીસમાં 14 હજાર 507 જેટલી નવી જગ્યા માટે ભરતી કરાશે – ગાંધીનગરમાં ચાર હજારથી વધુ નવા કર્મચારીઓને નિમણૂકપત્ર અપાયાં.
2) રાજ્ય સરકાર સોમવારથી ડાંગરની ખરીદી શરૂ કરશે – કૃષિમંત્રી જિતુ વાઘાણીની જાહેરાત
3) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રાજકોટમાં મહાપાલિકાના 545 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું ઈ લોકાર્પણ અને ખાતમુહૂર્ત.
4) પાટણમાં 11 લાખ રૂપિયાથી વધુનો ભેળસેળયુક્ત તેલ અને ઘીનો જથ્થો પકડાયો
5) મહેસાણાના વડનગરમાં આજથી તાનારિરિ મહોત્સવનો પ્રારંભ.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GSSSB APPOINTMENT LETTER

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું , રાજ્ય પોલીસમાં 14 હજાર 507 નવી જગ્યા માટે ભરતી પ્રક્રિયા હાથ ધરાશે. પોલીસમાં 12 હજારથી વધુ કર્મચારીઓની ભરતી પ્રક્રિયા પૂર્ણ થવા આવી હોવાનો ઉલ્લેખ કરતા શ્રી સંઘવીએ કહ્યું, તેમને ટૂંક સમયમાં નિમણૂકપત્ર અપાશે. ગાંધીનગરમાં સરકારના વિવિધ વિભાગમાં પસંદગી પામેલા ઉમેદવારોના નિમણૂકપત્ર એનાયત કાર્યક્રમને સંબોધતાં શ્રી સંઘવીએ નવા સરકારી કર્મચારીઓને અરજદારો સાથે આદરપૂર્વક વાત કરવા અને પડકારોનો સામનો કરવાની તૈયારી રાખવા જણાવ્યું.

(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)

ઉલ્લેખનીય છે કે , આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સરકારના વિવિધ વિભાગમાં પસંદગી પામેલા ચાર હજાર 473 ઉમેદવારને નિમણૂકપત્ર એનાયત કરાયા.

. . . . . . . .

# CM RAJKOT VIKASKARYO

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટમાં મહાનગરપાલિકાના વિવિધ વિભાગના અંદાજે 545 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું ઈ લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે શ્રી પટેલે કહ્યું , રાજકોટ અગાઉ પાણીની સૌથી વધુ વિકટ પરિસ્થિતિમાંથી પસાર થઈ ચૂક્યું છે, પરંતુ આજે રાજકોટની કાયાપલટ થઈ છે.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

શ્રી પટેલે આત્મનિર્ભર ભારત અને વિકસિત ભારતનો સંકલ્પ સાકાર કરવા સ્વદેશી અપનાવવાનો પણ સૌને આગ્રહ કર્યો. આ ઉપરાંત શ્રી પટેલે રાજકોટની ડૉક્ટર શ્યામાપ્રસાદ આર્ટ ગૅલેરી ખાતે રાઈઝિંગ રાજકોટની વિષયવસ્તુ સાથેના પ્રદર્શન એકમને ખૂલ્લું મુક્યું.

આ પ્રસંગે ઉપસ્થિત કૃષિમંત્રી જિતુ વાઘાણીએ રાજ્ય સરકાર સોમવારથી ડાંગરની ખરીદી શરૂ કરશે તેવી જાહેરાત કરી હતી. તેમણે કહ્યું , ટેકાના ભાવે મગફળીની ખરીદીમાં 23 હજાર 343 લાભાર્થીઓ પાસેથી પાંચ હજાર 459 ટન મગફળીની ખરીદી થઈ ગઈ છે તેમજ ખેડૂતોના ખાતામાં 50 ટકા જેટલા રૂપિયા જમા પણ કરાવાયા છે.

(BYTE: JITU VAGHANI, AGRICULTURE MINISTER)

. . . . . . . . .

# PATAN NAKLI GHEE

પાટણમાં 11 લાખ રૂપિયાથી વધુનો ભેળસેળયુક્ત તેલ અને ઘીનો જથ્થો કબજે કરાયો. મળતી માહિતી મુજબ, સ્થાનિક ગુનાશાખા – LCB અને ખોરાક તથા ઔષધ નિયમન તંત્રએ સંયુક્ત કામગીરી દરમિયાન મંડોત્રી માર્ગ પર આવેલા વખારમાં દરોડા પાડ્યા. તપાસ દરમિયાન એક હજાર 500 કિલોથી વધુ ઘી અને ત્રણ હજાર 200 કિલોથી વધુનું ભેળસેળયુક્ત ઘી મળી આવતા સમગ્ર જથ્થો કબજે કરાયો છે. આ બંનેની કિંમત 11 લાખ 87 હજાર 272 રૂપિયા હોવાનું જણાયું છે.

કાર્યવાહી દરમિયાન ઘી અને તેલના કુલ 10 નમૂનાને પ્રયોગશાળામાં મોકલાયા છે. તેનો રિપોર્ટ આવ્યા બાદ ખાદ્ય સુરક્ષા અને ધોરણ અધિનિયમ 2006 હેઠળ આગળની કાર્યવાહી કરાશે.

. . . . . . . . . . . . .

# BANASKANTHA NEW LABOUR LAW

કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં લાગુ કરાયેલા નવા શ્રમ કાયદાના નિર્ણયને કામદારો આવકારી રહ્યા છે. સરહદી વાવ-થરાદ જિલ્લામાં કરાર આધારિત કર્મચારીઓએ પણ નવા કાયદાને આવકારતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કર્યો. આ અંગે કર્મચારી આશિષ રાવળે પ્રતિક્રિયા આપી.

(BYTE: ASHISH RAVAD, OUTSOURCING EMPLOYEE)

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# DELHI CAR BLAST

રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયના આદેશ મુજબ અમદાવાદ ગ્રામ્ય પોલીસે સો કલાકમાં ૩૦ વર્ષના ગંભીર ગુનાઓમાં ૯૬૦ જેટલા આરોપીની તપાસ કરી. આરોપીઓના ઘરે જઈ વિગતવાર પૂછપરછ કરવામાં આવી. પોલીસ દ્વારા ગંભીર પ્રકારના છ અલગ- અલગ ગુનાના આરોપીઓના વિસ્તૃત દસ્તાવેજ – ડોઝીયર તૈયાર કરાયું. આ અંગે અમદાવાદ ગ્રામ્ય પોલીસ અધિક્ષક ઓમપ્રકાશ જાટે વધુ માહિતી આપી.

(બાઇટ - પોલીસ અધિક્ષક ઓમપ્રકાશ જાટ)

. . . . . . . . . . . . .

# MSN TANARIRI MAHOTSAV

મહેસાણાના વડનગરમાં આજથી બે દિવસના તાના-રીરી મહોત્સવનો પ્રારંભ થયો છે . મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ મહોત્સવનો શુભારંભ કરાવ્યો છે . તેમાં સુપ્રસિદ્ધ કલાકારો શાસ્ત્રીય ગાયન , વાદન અને લોકસંગીતના કાર્યક્રમ રજૂ કરશે. સત્તાવાર યાદી મુજબ , આ વર્ષે સુપ્રસિદ્ધ શાસ્ત્રીય ગાયિકાં કલાપિની કોમકલીને તાના-રીરી સંગીત સન્માન પુરસ્કાર એનાયત કરાશે. કાર્યક્રમમાં આવતીકાલે વન , પર્યાવરણ અને માર્ગ પરિવહન વિભાગના રાજ્યકક્ષાના મંત્રી પ્રવિણ માળી મુખ્યઅતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

ઉલ્લેખનીય છે કે , વડનગરની ઐતિહાસિક સંગીત પરંપરાને જીવંત રાખવા વર્ષ 2003માં તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તાના-રીરી મહોત્સવ અને વર્ષ 2010માં તાના-રીરી સંગીત સન્માન પુરસ્કારની શરૂઆત કરાવી હતી.

. . . . . . . . . . . . .

# TENNIS LEAGUE

રાજ્યમાં આગામી નવથી 14 ડિસેમ્બર ટેનિસ પ્રીમિયર લીગ યોજાશે. ગુજરાત યુનિવર્સીટીના રમતગમત સંકુલના ટેનિસ મેદાનમાં યોજાનારી આ લીગમાં દિગ્ગજ ખેલાડીઓ સાથે આઠ ટીમ ભાગ લેશે. અમદાવાદમાં પહેલીવાર યોજાનારી આ લીગ માટેની તમામ તૈયારીઓ ચાલી રહી છે.

આ અંગે રાજ્ય ટેનિસ સંગઠનના પ્રમુખ કૃષ્ણા પારેખે વધુ માહિતી આપી.

(બાઇટ - ટેનિસ એસોસિએશનના પ્રમુખ કૃષ્ણા પારેખ)

. . . . . . . . . . . . .

# CM PATEL GRCCI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે  કહ્યું, વિશ્વની ટોચની 500 ઔદ્યોગિક કંપનીમાંથી 100થી વધુ ગુજરાતમાં આવેલી છે. રાજકોટમાં  ગ્રેટર રાજકોટ વેપાર અને ઉદ્યોગ મહામંડળ – GRCCI દ્વારા યોજાયેલા ત્રિવિધ  કાર્યક્રમમાં શ્રી પટેલે કહ્યું , રાજ્યમાં પહેલા 66 હજાર જેટલા નાના ઉદ્યોગ નોંધાયેલા હતા, પરંતુ આજે 27 લાખ જેટલા સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ – MSME નોંધાયેલા છે.

શ્રી પટેલે રાજકોટમાં આગામી જાન્યુઆરી મહિનામાં યોજાનારી વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ – VGRC-માં સૌને સાથ સહકાર આપવા અનુરોધ કર્યો.

. . . . . . . . . . .

# PADYATRA

મોટી દમણમાં સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિ નિમિત્તે લાઇટ હાઉસ બીચ પરથી એકતા યાત્રા યોજાઇ. સરદાર પટેલના વિચારોને લોકો સુધી પહોંચાડવાના હેતુસર એકતા યાત્રાનું આયોજન કરાયું.

. . . . . . . . . . . . .

# SURAT - SIR

રાજ્યભરમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – SIR પ્રક્રિયા ચાલી રહી છે. સુરતમાં SIR માટે યોજાયેલી શિબિરમાં મોટી સંખ્યામાં મતદારોએ ભાગ લીધો. આવતીકાલે રવિવારે પણ નજીકના કેન્દ્રો ખાતે બુથ સ્તરના અધિકારી – BLO હાજર રહી ગણતરી પત્રક સ્વીકારશે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર ડોક્ટર સૌરભ પારધીએ સુરતના લિંબાયત અને ઉધનામાં મતદાનમથકની મુલાકાત લીધી. તેમણે બીએલઓ અને SIR કામગીરીનું નિરીક્ષણ કરી કર્મચારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું. તેમણે આવતીકાલે રવિવારે પણ શિબિરમાં જોડાવવા મતદારોને અનુરોધ કર્યો હતો.

. . . . . . . . . . . .

# CHOTA UDEPUR – ROAD REPAIR

છોટાઉદેપુરમાં સાંસદ જસુ રાઠવાએ અંદાજે 116 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનારા નવા માર્ગનું ખાતમુહૂર્ત કર્યું. બોડેલી – કવાંટ માર્ગ અને જેતપુર પાવી ચલામલી માર્ગ વચ્ચે 54 કિલોમીટરનો માર્ગ બનાવાશે.

. . . . . . . . . . . . . .

# AMIT SHAH BOOK FEST

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે અમદાવાદમાં યોજાયેલા આંતર-રાષ્ટ્રીય પુસ્તક મહોત્સવની મુલાકાત લીધી. સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાયેલા આ મહોત્સવમાં શ્રી શાહે હસ્તાક્ષર દિવાલ પર લખ્યું કે , રાષ્ટ્રમંડળ દેશના ખેલાડીઓ માટે અમદાવાદ તૈયાર છે , સુસ્વાગતમ્. દરમિયાન તેમણે વિવિધ હાટડીની મુલાકાત લઈ શાળાના બાળકો સાથે સંવાદ કર્યો.

. . . . . . . . . . . . .

# SARDAR UNITY MARCH

રાજ્યમાં આગામી 26 તારીખથી કરમસદથી એકતાનગર સુધીની "સરદાર એટ 150 યુનિટી માર્ચ – રાષ્ટ્રીય પદયાત્રા" શરૂ થશે. સત્તાવાર યાદી મુજબ , 11 દિવસ યોજાનારી આ યાત્રા આણંદ , વડોદરા અને નર્મદા જિલ્લાના ગામડાઓમાં ભ્રમણ કરશે.

યાત્રાના રસ્તામાં આવતા વિવિધ ગામડાઓમાં સરદાર પટેલના જીવન-કવન અંગે સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે સ્વચ્છતા ઝૂંબેશ પણ હાથ ધરાશે. ઉપરાંત સરદાર ગાથાસભામાં ગામના સાચા રત્નોનું સન્માન કરીને રાષ્ટ્રનિર્માણમાં તેમના યોગદાનને બિરદાવવામાં આવશે.

. . . . . . . . . . . . .

# WEATHER FORECAST

રાજ્યમાં આગામી 24 કલાકમાં ઠંડીનું જોર ઘટશે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, 24 કલાક બાદ રાજ્યના તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા નહીં મળે.

બીજી તરફ, રાજ્યમાં હાલ લઘુત્તમ તાપમાન 20 ડિગ્રી સેલ્સિયસથી ઓછું નોંધાયું છે. 11 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે કચ્છનું નલિયા સૌથી ઠંડું શહેર છે. જ્યારે કંડલા વિમાનમથકમાં 13 , ભુજ, અમદાવાદ, અમરેલી, ગાંધીનગર અને મહુવામાં લઘુત્તમ તાપમાન 16 ડિગ્રી સેલ્સિયસની આસપાસ નોંધાયું છે.

. . . . . . . . .